ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(3) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૭૯/૨૦૨૫ તા.૨૩/૦૬/૨૦૨૫

**વિગત :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૬/૦૬/૨૦૨૫ થી તા.૨૨/૦૬/૨૦૨૫** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- પો.સ્ટે.માં ખોવાયેલ બાળકો માટે ઝુબેશ હાથ ધરવામા આવેલ હોય તે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવામાં આવ્યુ હોયઃ-**

કુતિયાણા પો.સ્ટે. પાર્ટ–A, ૦૨૯૬/૨૦૨૫ B.N.S. ક. ૧૩૭(૨), ૮૭ મુજબ ના કામે અપહરણ થનાર કિંજલબેન D/O કરશનભાઇ અરજનભાઇ બળવા રહે.ચકલાપરા, કુતિયાણા ગામ તા.કુતિયાણા જી.પોરબંદર વાળીને તા.૧૬/૬/૨૦૨૫ ના ક.૧૨/૦૦ વાગ્યાના અરશામાં કુતિયાણા પો.સ્ટે.ના PC અશ્વીનભાઇ વેજાભાઇ PC જલ્પાબેન રણમલભાઇ નાઓ દ્વારા હામદપરા ગામના પટીયા પાસેથી તા.કુતિયાણા જી.પોરબંદર ખાતેથી શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય** :-

(૧) કમલાબાગ પોલીસ સ્ટેશનના સ્ટાફએ તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ યોગ દિવસ નિમીતે ચોપાટી રાજ મહેલ ખાતે આશરે ૮૦ જેટલા વિદ્યાર્થીઓને ડ્રગ્સનુ સેવન નહી કરવા સમજ બાબતે પોસ્ટરો લગાવેલ તેમજ ગુડ ટચ બેડ ટચ વિશે તથા ટ્રાફિક વિશે સમજ આપેલ તથા ૧૦૦, ૧૮૧, ૧૯૩૦ સાયબર ક્રાઇમ વિશે સમજ આપેલ હતી.

(૨) તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા પો.અધિ.શ્રીની કચેરીના NR.NO.192 તા.12/6/ 2025 ક્રમાંક.એસ.ઓ.જી. 26 June ઇ નેશનલ ડે અગે ઇન્સટ ડ્રગ ડે /733/2025 અન્વયે નશા મુક્તિ ડ્રાઈવ અનુસંધાને અમો ચમ સ્કૂલ જઈને સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈઓને પોરબંદર પોલીસ અધિક્ષક શ્રી તથા અમારા સુચના અને માર્ગદર્શન મુજબ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ એબ્યુઝ અને ઇલિઝિટ ટ્રાફિક વિરુદ્ધ દિવસ મનાવવામાં આવે છે આ દિવસ આંતરરાષ્ટ્રીય સમાજને માદક દ્રવ્યોથી મુક્તિ કરવા અને આ દિશામાં પગલાં લેવા સંયુક્ત રાષ્ટ્રના સંકલ્પનાની અભિવ્યક્તિ તરીકે ઉજવવામાં આવે છે અને યુવાનોમાં વધી રહેલા ડ્રગ્સના સેવનને રોકવા અને વૈશ્વિક સ્તરે ડ્રગ્સ ના દુરુપયોગ અને ગેરકાયદેસર હેરાફેરીને રોકવા માટે સમાજમાં જાગૃતિ કેળવવા સારુ ચમ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઓ ને નશા મુક્તિ જાગૃતિ સેમિનાર યોજવામાં આવેલ. જેમાં ડ્રગ્સના નશા વિશે જરૂરી માર્ગદર્શન આપેલ. તેમજ ડ્રગ્સ જેવા નસીલા અને માંદક પદાર્થોના સેવન કરવાથી યુવા ધન બરબાદ થઈ રહ્યો છે તેને રોકવા વિદ્યાર્થીઓને સાથે ડ્રગ્સના પ્રકાર અંગે અને તેનાથી થતી આડ અસરો સહિતની વિવિધ માહિતી આપવામાં આવી હતી તેમજ

શાળા કોલેજની આસપાસ કે અન્ય કોઈ સ્થળે ડ્રગ્સ/નસીલા પદાર્થનું વેચાણ થતું હોય તો પોલીસને 100 માં ફોન કરી જાણ કરવા અથવા નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરવા અનુરોધ કર્યો હતો અને માહિતી આપનાર વ્યક્તિનું નામ ઓળખ ગુપ્ત રહેશે તેવી બાહેધરી પણ આપવામાં આવી હતી તેમજ ડ્રગ્સ સામે લડત લડવા અને જાગૃતિ ફેલાવવા માટે શપથ લેવામાં આવ્યા હતા કિંગ ડ્રગ્સના દૂષણને નાબૂદ કરવા અંગે નશા મુક્તિ સેમિનાર યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થી ભાઈઓને કહેલ કે કોઈપણ દેશના ભવિષ્ય અને પ્રગતિ માટે સૌથી મોટી બાધા છે નશો એક અભિશાપ છે પરંતુ લોકો તેમાં વધારે ભાગ લે છે જે વિશે જરૂરી માહિતી આપી નશા મુક્તિ સેમિનાર યોજવામાં આવેલ.

(૩) તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ મહીલા પો.સ્ટે.ના અધિકારી/કર્મચારીઓ દ્વારા છાયા વિસ્તાર માં આવેલ ચાણકય સ્કૂલમાં જઈને શાળાના વિદ્યાથીઓને ડ્રગ્સના દૂષણને નાબૂદ કરવા અંગે અવરનેશ જાગૃતિ કાર્યક્રમ કરેલ. વિદ્યાર્થીઓને કહેલ કે કોઈપણ દેશના ભવિષ્ય અને પ્રગતિ માટે સૌથી મોટી બાધા છે નશો એક અભિશાપ છે પરંતુ લોકો તેમાં વધારે ભાગ લે છે આજના સમયમાં વધારે પ્રમાણમાં યુવાન વર્ગ તેની તરફ આકર્ષાઈ રહ્યું છે નશીલા પદાર્થના ઉપયોગથી માણસ શારીરિક માનસિક અને સામાજિક રૂપથી નુકસાન થાય છે તેમજ નશાના કારણે માણસ સારા અને ખરાબ વચ્ચેનો ફર્ક ભૂલી જાય છે આપણે એક મજબૂત રાષ્ટ્ર બનાવવા માટે નશા જેવી વસ્તુને જડથી ઉખેડી ફેકવી પડશે આજના સમયમાં એવી ઘણી સંસ્થાઓ છે જે નશા મુક્તિ માટે અભિયાન ચલાવે છે નશાથી થનારા દૃષ્ટ પરિણામ ઘણા હાનિકારક હોય છે નશો કરનાર લોકો વિચારે છે કે નશો કરવાથી તેમના બધા દુઃખ નશો કરવાથી દૂર થઈ જાય છે પરંતુ એ વાત ગલત છે નશો કરવાથી દુઃખમાં વધારો થાય છે નશો કરવાથી ઘણી બધી બીમારીઓ થાય છે તથા ઘણા આંતરિક અંગો ખરાબ થઈ જાય છે નશાની ટેવ ન કેવળ માણસને નુકસાન પહોંચાડે છે પરંતુ પરિવાર અને સમાજને પણ નુકસાન કરે છે જે વિશે જરૂરી માર્ગદર્શન આપી નશા મુક્તિ જાગૃતિ કાર્યક્રમ કરેલ અને ભાઈઓ ને અપીલ કરી કે ડ્રગ્સ ગાંજો ચરસ જેવા આવા નસીલા પદાર્થ કોઈ વેચાણ કરતુ હોય તો 100 નંબરમાં ફોન કરી જાણ કરવા માહિતી આપેલ ફોન કરનાર નું નામ ગુપ્ત રાખવામાં આવશે જે વિશે જરૂરી માહિતી આપી નશા મુક્તિ કાર્યક્રમ કરેલ.

(૪) તા.૧૭/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા નશા મુક્ત ડ્રાઈવ અનુસંધાને રૂપાળીબા સ્કુલ જઈને સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાથીઓને નશા મુક્તી જાગૃતી સેમીનાર યોજવામાં આવેલ. જેમા જરૂરી સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલફ તથા બાળકો ને ગુડ ટચ બેડ ટચ વિષેની માહીતી આપેલ તેમજ તેમની સલામતી માટે નાની ઉંમરે વાહન ન ચલાવવા અને ડ્રાઇવીગ લાયસન્સ વગર વાહન ન ચલાવવા માટે સમજ કરેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા વાડી પ્લોટ વિસ્તારમાં આવેલ )૧ ( નંદન એપાર્ટમેન્ટ) ૨ (કસ્તુરી એપાર્ટમેન્ટ) ૩ (બંસીધર એપાર્ટમેન્ટ જઈને જ્યાં સીક્યુરટી/વોચ મેનની મુલાકાત લીધેલ અને એપાર્ટમેન્ટમાં સીસીટીવી કેમેરા લાગેલ છે કે કેમ તે અંગે ખરાઈ કરેલ તેમજ જો સીસીટીવી કેમેરા બંધ હોય તો ચાલુ કરવા માર્ગદર્શન આપેલ.

(૨) તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા ગોઢાણીયા કોલેજ રોડ આવેલ સિદ્ધાર્થ હોસ્પિટલમાં જઈને ગેર કાયદેસર ભુણ પરીક્ષણની પ્રવુતી ચાલે છે,કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઈ પ્રવુતી જણાય આવેલ ન હોય. જે બાબતે નોંધ કરી.

(૩) તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી રેલ્વે સ્ટેશન રોડ પર પેટ્રોલિંગ દરમ્યાન મહિલા કર્મચારી દ્વારા રોમીયોગીરી કરતા ટપોરી ઇસમો ઉપર ડીકોય ગોઠવી ડીકોય અંગેની કામગીરી કરતા કોઈ ટપોરી ઇસમો મળી આવેલ ન હોય. જે બાબતે નોંધ કરી.

(૪) તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા રેલ્વે સ્ટેશન રોડ પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન વિદ્યાર્થીનીઓ બહેનો ટ્યુશન ક્લાસમાંથી પૂર્ણ કરી ઘરે પરત ફરતી વિદ્યાર્થીનીઓને પોતાની સુરક્ષા વિશે કાયદાકીય માર્ગદર્શન આપેલ કે તમો શાળા/ટ્યુશન ક્લાસમાં આવતા /જતા રસ્તામાં તમોને કોઈ આવારા તત્વો / ટપોરી અથવા રોમિયોગીરી કરતો ઈસમ તમને હેરાન પરેશાન કરે તો સુરક્ષા સબંધે 100 નંબર પોલીસ મદદ માટે ફોન કરીને પોલીસ મદદ મેળવા માર્ગદર્શન આપેલ. તેમજ 181 મહિલા હેલ્પલાઇન વિશે માહિતગાર કરેલ. તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને હેલ્પલાઇન નંબર 1930 સાયબર ક્રાઇમ અંગે જરૂરી માર્ગદર્શન આપેલ.

(૫) તા.૧૭/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા વાડી પ્લોટ વિસ્તારમાં આવેલ )૧ ( sky heights એપાર્ટમેન્ટ) ૨ (વિવેક એપાર્ટમેન્ટ જઈને જ્યાં સીક્યુરટી/વોચ મેનની મુલાકાત લીધેલ અને એપાર્ટમેન્ટમાં સીસીટીવી કેમેરા લાગેલ છે કે કેમ તે અંગે ખરાઈ કરેલ તેમજ જો સીસીટીવી કેમેરા બંધ હોય તો ચાલુ કરવા તેમજ સીસીટીવી કેમેરા ના હોય તો સીસીટીવી કેમેરા લગાવવા નું માર્ગદર્શન આપેલ.

(૬) તા.૧૭/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા રેલ્વે સ્ટેશન રોડ પેટ્રોલિંગ દરમિયાન શ્રીજી ભવ્ય એપાર્ટમેન્ટ માં જઈને ત્યાં સીક્યુરટિ/ વોચમેનની નોકરી કરતા વોચમેનની મુલાકાત લીધેલ અને એપાર્ટમેન્ટમાં સી.સી.ટી.વી.કેમેરા લાગેલ છે કે કેમ તે અંગે ખરાઈ કરેલ તેમજ જો સી.સી.ટી.વી. કેમેરા બંધ હોય તો ચાલુ કરવા માર્ગદર્શન આપેલ તેમજ કોઈ બનાવ બને તો પોલીસ કંટ્રોલ રૂમ 100 માં ફોન નંબર માં કરી પોલીસ મદદ મેળવવા જરૂરી માહિતી આપેલ.

(૭) તા.૧૮/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્વારા ગોઢાણીયા કોલેજ સામે પાસે આવેલ રીધ્ધી હોસ્પિટલમાં કોઇ ભુણ હત્યા થતી નથી તેની ખાત્રી કરેલ પો.સ્ટે.આવી સ્ટે.ડા.મા નોંધ કરવા રીપોર્ટ આપેલ તથા ચોપાટી પાસે જુરી માં કોઇ તાજુ જન્મેલ બાળક ફેકેલ નથી ને તેની ખાત્રી કરતા કોઇ તાજુ જન્મેલ બાળક ફેકેલ ન હોય તેની ખાત્રી કરી આવતા સ્ટે.ડા.મા નોંધ કરાવેલ.

(૮) તા.૧૮/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા પેટ્રોલિંગમાં હતા દરમ્યાન રામ ગેસ્ટ હાઉસ પાસે આવેલ કુસુમ વાટીકા એપાર્ટમેન્ટ તથા પેરલ સ્ટોન એપાર્ટમેન્ટમાં જઈને સિક્યુરિટી વોચમેનની નોકરી કરતા વોચમેનની મુલાકાત લીધેલ અને એપાર્ટમેન્ટમાં સી.સી.ટી.વી. કેમેરા લાગેલ છે કે કેમ તે અંગે ખરાઈ કરેલ તેમજ જો સી.સી.ટી.વી. કેમેરા બંધ હાલતમાં હોય તો ચાલુ કરાવવા સુચના કરેલ તેમજ કોઈ અ ઘટિત ઘટના ના બનાવ એપાર્ટમેન્ટમાં બને તો તુરત જ પોલીસ કંટ્રોલ રૂમ 100 માં ફોન કરી પોલીસ મદદ મેળવવા જરૂરી માહિતી આપેલ અથવા નજીકના પોલીસ સ્ટેશનનો ફોન કરી સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ તેમજ એપાર્ટમેન્ટમાં કોઈ અજાણ્યા વ્યક્તિ કે શક પડતો ઈસમ એપાર્ટમેન્ટમાં પ્રવેશ કરે ત્યારે સિક્યુરિટી/વોચમેનેએ આવનાર વ્યક્તિનું નામ સરનામું તથા તેની ઓળખ અંગેના પુરાવા જોઈ એપાર્ટમેન્ટમાં કોને ત્યાં આવેલ છે જે બાબતનું રજીસ્ટર નિભાવવા સૂચના કરેલ.

(૯) તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા પેટ્રોલિંગમાં હતા. દરમ્યાન રામ ગેસ્ટ હાઉસ પાસે આવેલ કુસુમ વાટીકા એપાર્ટમેન્ટ તથા પેરલ સ્ટોન એપાર્ટમેન્ટમાં જઈને સિક્યુરિટી વોચમેનની નોકરી કરતા વોચમેનની મુલાકાત લીધેલ અને એપાર્ટમેન્ટમાં સી.સી.ટી.વી. કેમેરા લાગેલ છે કે કેમ તે અંગે ખરાઈ કરેલ તેમજ જો સી.સી.ટી.વી. કેમેરા બંધ હાલતમાં હોય તો ચાલુ કરાવવા સુચના કરેલ તેમજ કોઈ અ ઘટિત ઘટના બનાવ એપાર્ટમેન્ટમાં બને તો તુરત જ પોલીસ કંટ્રોલ રૂમ 100 માં ફોન કરી પોલીસ મદદ મેળવવા જરૂરી માહિતી આપેલ અથવા નજીકના પોલીસ સ્ટેશનનો ફોન કરી સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ તેમજ એપાર્ટમેન્ટમાં કોઈ અજાણ્યા વ્યક્તિ કે શક પડતો ઈસમ એપાર્ટમેન્ટમાં પ્રવેશ કરે ત્યારે સિક્યુરિટી/વોચમેનેએ આવનાર વ્યક્તિનું નામ સરનામું તથા તેની ઓળખ અંગેના પુરાવા જોઈ એપાર્ટમેન્ટમાં કોને ત્યાં આવેલ છે જે બાબતનું રજીસ્ટર નિભાવવા સૂચના કરેલ.

(૧૦) તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા એમ.જી.રોડ પર પેટ્રોલીંગમાં હતા. ત્યારે કર્લીનાપુલ પાસે આવેલ. અવાવરૂ જગ્યાએ કોઈ નવજાત શીશુ ત્યજી દીધેલ નથી ને તેની ખરાઇ/તપાસ કરતા ત્યાં આવું કોઈ ત્યજી દીધેલ નવજાત શીશુ મળી આવેલ નહીં તથા સુદામા મંદિરે દર્શન માટે આવેલ. સિનિયર સિટીઝન મુલાકાત લીધેલ. તેમને તેમના દિકરા કે દિકરાની પત્ની હેરાન પરેશાન કરતા હોય અથવા તમારી સારવાર ન કરતા હોય તેમજ તમારી પ્રોપર્ટી છીનવી લે તો પોલીસ કંટ્રોલ રૂમ માં 100 નંબર માં ફોન કરી મદદ મેળવવી તેવી સમજ કરેલ અથવા નજીક ના પોલીસ સ્ટેશનમાં મદદ માટે જવાની સમજ કરેલ તેમજ કાયદા કીય માર્ગદર્શન આપેલ તેમજ તમારા બેંક ખાતામાંથી રૂપિયા ઉપડી ગયા હોયતો સાયબર ક્રાઇમ ની અથવા સાયબર હેલ્પ લાઇન નંબર 1930 ની હેલ્પ લાઇન નંબર ની મદદ લેવી તેવી સમજ કરેલ.

(૧૧) તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા લેડી ગાયનિક સરકારી હોસ્પિટલમાં જઈ ને ગેર કાયદેસર ભ્રુણ પરીક્ષણની પ્રવુતી ચાલે છે,કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઈ પ્રવુતી જણાય આવેલ ન હોય તેમજ દવાખાનામાં મહિલા દર્દી અને તેમના સગાવહાલા હાજર હોય તેની મુલાકાત લીધેલ અને ગર્ભ પરીક્ષણ કરવુંએ ગુનો છે તેની સમજ કરેલ તથા એમ.જી.રોડ પર પેટ્રોલિંગ દરમ્યાન વાડી પ્લોટમાં આવેલ બંસીધર એપાર્ટમેન્ટ શેરી નં.પ ના સિક્યુરિટી જેઠાલાલ ગોવિંદભાઈ ચુડાસમા નાઓને એપાર્ટમેન્ટના કેમેરા ચાલુ છે કે નહીં તેમ પુછતા તેઓએ જણાવેલ કે કેમેરા હાલ બંધ છે જથી તેઓને જણાવેલ કે કેમેરા ચાલુ કરાવશો તેવી સુચના આપેલ.

(૧૨) તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા શ્રીજી ગાયનિક હોસ્પિટલમાં જઈને ગેર કાયદેસર ભ્રુણ પરીક્ષણની પ્રવુતી ચાલે છે,કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઈ પ્રવુતી જણાય આવેલ ન હોય. તેમજ દવાખાનામાં મહિલા દર્દી અને તેમના સગાવ્હાલા હાજર હોય તેની મુલાકાત લીધેલ અને ગર્ભ પરીક્ષણ કરવું એ ગુનો છે તેની સમજ કરેલ તથા કમલાબાગ એમ.ઈ.એમ.સ્કુલ સામે વસુંધરા એપાર્ટમેન્ટની મુલાકાત લીધી ત્યા સિક્યુરિટી મુકેશભાઈ નારણ ભાઈ ગોસ્વામી હાજર હતા તેમને કેમેરા ચાલું છે કે બંધ છે એવું પૂછતા કેમેરો ચાલું છે એવું જણાવ્યું, બાદ એણે કેમેરો ચાલુ રાખવા અને તેની યોગ્ય જાળવણી કરવા બાબતે યોગ્ય સલાહ આપવામાં આવી.

(૧૩) તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા ઉત્સવમોલમાં કામ કરતી સ્ટાફ મહિલાની મુલાકાત લીધેલ અને તેઓને કામ પર કોઇ હેરાન પરેસાન કરે અથવા કામ પરથી પરત આવતા રોડ પર કોઇ પુરુષ હેરાન પરેસાન કરે તો મહિલા હેલ્પ લાઇન નંબર 181/100 માં ફોન કરી મદદ લેવી તેવુ માર્ગદર્શન આપેલ તથા ચોપાટી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન અવાવરુ જગ્યાએ જુરીમા અવાવરૂ જગ્યાએ કોઈ નવજાત શીશુ ત્યજી દીધેલ નથી ને તેની ખરાઇ/તપાસ કરતા ત્યાં આવું કોઈ ત્યજી દીધેલ નવજાત શીશુ મળી આવેલ નહીં.

(૧૪) તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા મીલપરા વિસ્તારમાં આવેલ સિનિયર સિટીઝન મુલાકાત લીધેલ તેમને તેમના દિકરા કે દિકરાની પત્ની હેરાન પરેશાન કરતા હોય અથવા તમારી સારવાર ન કરતા હોય તેમજ તમારી પ્રોપર્ટી છીનવી લે તો પોલીસ કંટ્રોલ રૂમ માં 100 નંબર માં ફોન કરી મદદ મેળવવી તેવી સમજ કરેલ અથવા નજીક ના પોલીસ સ્ટેશનમાં મદદ માટે જવાની સમજ કરેલ તેમજ તમારા બેંક ખાતામાંથી રૂપિયા ઉપડી ગયા હોયતો સાયબર ક્રાઇમની અથવા સાયબર હેલ્પ લાઇન નંબર 1930 ની હેલ્પ લાઇન નંબર ની મદદ લેવી તેવી સમજ કરેલ.

(૧૫) તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા જોગિયા જવેલર્સ શોપ માં કામ કરતી સ્ટાફ મહિલા ની મુલાકાત લીધેલ અને તેઓને કામ પર કોઇ હેરાન પરેસાન કરે અથવા કામ પરથી પરત આવતા રોડ પર કોઇ પુરુષ હેરાન પરેસાન કરે તો મહિલા હેલ્પ લાઇન નંબર 181/100 માં ફોન કરી મદદ લેવી તેવુ માર્ગદર્શન આપેલ તથા એમ.જી.રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે કરલીનાપુલ પાસે આવેલ નર્સરી ની બાજુ માં

અવાવરૂ જગ્યાએ કોઈ નવજાત શીશુ ત્યજી દીધેલ નથી ને તેની ખરાઇ/તપાસ કરતા ત્યાં આવું કોઈ ત્યજી દીધેલ નવજાત શીશુ મળી આવેલ નહીં તેની ખાત્રી કરેલ બાદ પો.સ્ટે.આવીને સ્ટે.ડા.મા નોંધ કરવા માટે રીપોર્ટ આપેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે**

(૧) કમલાબાગ પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૩૧૧/૨૦૨૫ ના કામે લુંટનો ગુન્હો રજી. થયેલ હોય જેમા ફરીયાદી લીરીબેન વાઓ દેવાભાઇ કુછડીયા રહે,મીલપરા શેરી નં.૧૧ પોરબંદર વાળાના લુંટ થયેલા વેઢલા જેની કિ.રૂ. ૩,00,000/- નો મુદ્દામાલ તેરા તુજકો અર્પણ અંતર્ગત મુળ માલીકને પરત સોપવામા આવેલ..

(૨) તા.૧૭/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા કીર્તિ મંદિર વિસ્તારમાં આવેલ ઝવેરી જ્વેલર્સ સોનીની દુકાનમાં નોકરી કરતી મહિલા ઓની મુલાકાત લીધેલ અને મહિલા/ બહેનો ને સુરક્ષા સંબંધે સલાહ સૂચન આપેલ કે તમો બહેનો રાત્રે નોકરીએથી છૂટી ઘરે જતા હોય ત્યારે રસ્તામાં તમોને કોઈ લુખ્ખા આવારા તત્વો હેરાન પરેશાન અથવા પજવણી કરે તો 100 નંબરમાં ફોન કરી પોલીસ મદદ મેળવવા માર્ગદર્શન આપેલ તેમજ 181 નંબર મા ફોન કરી મહિલા હેલ્પલાઇન માં ફોન કરી મદદ મેળવવા માર્ગદર્શન આપેલ તેમજ તમો નોકરી પૂરી કરી ઘરે સુરક્ષિત પહોંચો છો ને જે બાબતે માહિતી મેળવેલ તેમજ ઘરેથી નોકરીના સ્થળે રસ્તામાં આવતા જતા કોઈ વ્યક્તિ હેરાન પરેશાન કરે તો મહિલા પોલીસ સ્ટેશન નો સંપર્ક કરવા જણાવેલ તેમજ મહિલા હેલ્પલાઇન ૧૮૧ માં કોલ કરી મદદ લેવા સમજ કરલ તેમજ 100 નંબર માં ફોન કરી પોલીસ મદદ મેળવવા માહિતગાર કરી કાયદાકીય માહિતી આપેલ તેમજ 1930 નંબર સાયબર ક્રાઇમ વિશે જરૂરી કાયદાકીય માર્ગદર્શન આપેલ.

(3) તા.૧૮/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા કમલાબાગ વિસ્તાર પેટ્રોલિંગમાં હતા દરમિયાન કાવેરી હોટલ પાસે જલારામ કોલોનીમાં રહેતા સિનિયર સિટિજનોની મુલાકાત લીધેલ અને તેમને અમોએ કહેલ કે તેમને તમારા સંતાનો દિકરા કે દિકરાની વહુ હેરાન પરેશાન કરતા નથીઅને તમો જ્યારે બીમાર પડો ત્યારે તમને તમારા સંતાનો હોસ્પિટલમાં સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જાય છે કે નહીં જે બાબતે પૂછતાછ કરેલ તેમજ ઘણી વખત એવું પણ બને છે કે દીકરા વહુ મા-બાપની સંપત્તિ ફોસલાવીને પોતાના નામની કરાવી લે છે અને પછી મા-બાપને દુઃખ ત્રાસ આપે છે અથવા વૃદ્ધાશ્રમમાં મૂકવાનું કહેતા હોયછે તમોને તમારા સંતાનો હેરાન પરેશાન કરેતો 100 નંબર માં ફોન કરી પોલીસ મદદ મેળવવા માહિતી આપેલ તેમજ નજીકના પોલીસ સ્ટેશનમાં મદદ મેળવવા માહિતી આપેલ તેમજ 60 વર્ષે સરકાર શ્રી દ્વારા મળતા પેન્શન યોજના ના લાભ વિશે પણ જરૂરી માહિતી આપેલ.

(૪) તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા રાજીવ નગર વિસ્તારમાં આવેલ વન સેન્ટર મોલમાં નોકરી કરતી મહિલા ઓની મુલાકાત લીધેલ અને ત્યાં નોકરી કરતી મહિલા ઓને સુરક્ષા સંબંધે સલાહ સૂચન આપેલ કે તમો બહેનો રાત્રે મોલમાં થી નોકરી એ થી છૂટી ઘરે જતા હોય ત્યારે રસ્તામાં તમોને કોઈ લુખ્ખા આવારા તત્વો હેરાન પરેશાન અથવા પજવણી કરે તો 100 નંબરમાં ફોન કરી પોલીસ મદદ મેળવવા માર્ગદર્શન આપેલ તેમજ 181 નંબર મા ફોન કરી મહિલા હેલ્પલાઇન માં ફોન કરી મદદ મેળવવા માર્ગદર્શન આપેલ તેમજ તમો નોકરી પૂરી કરી ઘરે સુરક્ષિત પહોંચો છો ને જે બાબતે માહિતી મેળવેલ તેમજ તમે જ્યાં નોકરી કરો છો ત્યાં નોકરીના સ્થળે તમારી સાથે જાતીય સતામણી કે તમારું શોષણ થતું હોય તો નજીકના પોલીસ સ્ટેશન અથવા મહિલા પોલીસ સ્ટેશન નો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ જેમાં ભોગ બનનાર નું નામ ગુપ્ત રાખવામાં આવે છે છાપામાં કે ટીવીમાં ભોગ બનનાર નું નામ ગુપ્ત રાખવામાં આવે છે જે વિશે જરૂરી માહિતી આપેલી નોકરીએથી ઘરે જતા આવતા રસ્તામાં કોઈ વ્યક્તિ ઈસમ હેરાન પરેશાન કરે તો મહિલા પોલીસ સ્ટેશન નો સંપર્ક કરવા જણાવેલ તેમજ મહિલા હેલ્પલાઇન ૧૮૧ માં કોલ કરી

મદદ લેવા  તેમજ 100 નંબર માં ફોન કરી પોલીસ મદદ મેળવવા માહિતગાર કરેલ જે બાબતેની કાયદાકીય માહિતી આપેલ તેમજ 1930 નંબર સાયબર ક્રાઇમ વિશે જરૂરી કાયદાકીય માર્ગદર્શન આપેલ.

(૫) તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા રિવરફ્રન્ટ વિસ્તારમાં  ફરવા કરવા નીકળેલ મહિલા ઓને એકત્રી કરી મહિલા જાગૃતિનો કાર્યક્રમ કરેલ જેમાં ઘરેલુ હિંસા મહિલાઓ ઉપર સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ તેમજ મહિલા હેલ્પલાઇન 181 વિશે જરૂરી માહિતી આપેલ તેમજ સાઇબર ક્રાઇમ નો ભોગ બનો તો 1930 માં ફોન કરી પોલીસ  મદદ મેળવવા કાયદાકીય માહિતી આપેલ માહિતી આપેલ.

(૬) તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા સુદામા મંદિરે સત્સંગ કરતા મહિલા ઓને મહિલાજાગૃતિનો કાર્યક્રમ કરેલ જેઓને ઘરેલુ હિંસા બાબતે માહિતી આપેલી તેમ જ કોઇ બહેન ને તેમના પતિ ત્રાસ આપતા હોય તો મહિલા પોલીસ સ્ટેશન માં આવી ને અરજી આપસે એટલે બન્ને પતિ પત્નીને બોલાવી કાઉન્સલીગ કરાવીને સમાધાન કરાવસુ તેમજ મહિલાઓને સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ કે દહેજ બાબતે  મહિલાને હેરાન પરેશાન કરવામાં આવે તો સુરક્ષા સંબંધે મહિલા પોલીસ સ્ટેશન નો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ તેમજ  100 નંબરમાં ,181હેલ્પ લાઇન ની મદદ લેવી  જરૂરી તેમજ કાયદાકીય માર્ગદર્શન આપેલ તેમજ નાની દિકરી ઓને ફોન ઓછો વાપરવા આપવો અને આપોતો ફેસબુક, ઇન્ટ્રાગ્રામ ઓછો વાપરવાની સમજ કરેલ  1930 સાયબર ક્રાઇમ વિષે જરૂરી માહિતી નું માર્ગેદર્શેન આપેલ.

(૭) તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા નિમિષાબેન જોશી- પૂર્વ જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ મેમ્બર તેમજ જિલ્લા નારી સુરક્ષા સમિતિ સભ્ય (FFWC) તથા ડી.એચ.ઇ.ડબલ્યુ. ના અધિકારી સંધ્યાબેન જોશી તથા યોગ ગુરૂ પતંજલિના વિશાખા બેન મોઢા સાથે  સંકલનમાં રહીને કરો યોગ રહો નીરોગ વિશ્વ યોગ દિવસની પૂર્વ સંધ્યાએ બોખીરા પે સેન્ટર શાળા ખાતે વિશ્વ યોગ દિવસની ભવ્ય થી ભવ્ય ઉજવણી કરવામાં આવી જેમાં બહેનોને યોગથી થતા ફાયદાઓ સમજાવવામાં આવ્યા તેમજ વહાલી દીકરી યોજના, વિધવા સહાય યોજના, માનવ ગરિમા યોજના , જેવી વિવિધ યોજનાઓ ની માહિતી આપવામાં આવી તેમજ નારી શક્તિ કરણ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના માધ્યમથી મળતી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી તેમજ મહિલા જાગૃતિ વિશે જરૂરી માહિતી આપેલ મહિલાઓને ઘરેલુ હિંસા બાબતે માહિતી આપેલ કોઈ પણ મહિલાને તેમના પતિ કે સાસરીયા પક્ષ તરફથી ત્રાસ આપતા હોય તો મહિલા પોલીસ સ્ટેશન નો સંપર્ક કરવા માહિતી વિશે મહિલાઓને કાયદાકીય વિસ્તૃત માહિતી આપેલ તેમજ પોલીસ મદદ માટે ૧૦૦ નંબર તથા 181 મહિલા હેલ્પલાઇન વિશે જરૂરી માહિતી આપેલ છે.

(૮) તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્વારા પેટ્રોલિંગમાં હતા. દરમ્યાન ચારણ આઈના મંદિરે કિરણબેન થાકવાણીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સબબ કાર્યક્રમ રાખેલ હોય આ કાર્યક્રમમાં  નિમિષાબેન જોશી- પૂર્વ જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ મેમ્બર તેમજ જિલ્લા નારી સુરક્ષા સમિતિ સભ્ય (FFWC) તથા ડી.એચ.ઇ.ડબલ્યુ. ના અધિકારી સંધ્યાબેન જોશી તથા યોગ ગુરૂ પતંજલિના વિશાખા બેન મોઢા વિગેરે હાજર રહેલ હોય તેઓની સાથે  સંકલનમાં રહીને અમોએ  મહિલાઓને નારી શક્તિ કરણ વિશે વિસ્તૃત માહિતી આપેલ તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ના માધ્યમથી મળતી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી તેમજ મહિલાઓને ઘરેલુ હિંસા બાબતે જરૂરી માહિતી આપેલ કોઈપણ મહિલાને તેમના પતિ કે સાસરીયા પક્ષ તરફથી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપતા હોય તો મહિલા પોલીસ સ્ટેશન નો સંપર્ક કરવા માહિતી  આપેલ તેમજ પોલીસ મદદ માટે 100 નંબરમાં તથા 181 મહિલા હેલ્પ લાઈન વિશે જરૂરી માહિતી આપેલ તેમજ આજે વિશ્વ યોગ દિવસ હોય જેથી  બહેનોને યોગથી થતા ફાયદાઓ સમજાવવામાં આવ્યા તેમજ

**વહાલી દીકરી યોજના, વિધવા સહાય યોજના, માનવ ગરિમા  યોજના , જેવી વિવિધ યોજનાઓ ની માહિતી મહિલાઓને આપવામાં આવી.**

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર